સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

લાગણી-પ્રેમ-દંભ-દેખાડાનાં થાય છે નાટક!
ગરીબની ઝૂંપડે જમવાનાં, થાય છે નાટક!
કરે નાટક પગે પડી ખોટું રહી, હાથ જોડી -
કાર્યકરોની કદમપોશીનું થાય છે નાટક!
(રંગભૂમિ દિવસની ઉજવણી)

હાઈકુ

પાથરે જાળ,
પોકળ વચનોની -
આ.. જા. ફસાજા!
(બિચારો મતદાર)

ખંડણીખોરો!
કળા કરીને પાડે
મોરનાં આંસુ!
કરોડોથી ઓછું - ખાવા
નહીં દઉં!!)

ચિંતન

મૈત્રયાદિષુ બલાનિ ॥

ઉપરોક્ત સૂત્ર પતંજલિના યોગસૂત્રોમાંથી લેવામાં આવેલ છે.

મૈત્રી વગેરેમાં સંયમ કરીને યોગી મૈત્રી વગેરેનું બળ મેળવે છે.

મૈત્રી, કરુણા અને મુદિતાએ ત્રણ ભાવનાઓ છે. સુખી પ્રાણીઓ પ્રત્યે મિત્રતાની ભાવના કેળવવી ને મૈત્રીબળ મેળવે છે. દુઃખી જીવો પ્રત્યે કરુણાની ભાવના કેળવીને કરુણા બળ મેળવે છે. પુણ્યશીલોને જોઈને આનંદિત થવાની આનંદનું બળ મળે છે. ભાવનાના બળે સમાધિ થાય એ સંયમ છે. એનાથી એ બળો સફળ થાય છે. પાપીઓ પ્રત્યેની ઉપેક્ષા ભાવના નથી. તેથી એમાં સમાધિ થતો ન હોવાથી ઉપેક્ષાનું બળ ઉત્પન્ન થતું નથી, કારણ કે એમાં સમય થઈ શકતો નથી.

મૈત્રી ભાવનાથી મળેલા બળતી જીવલોકને સુખ આપે છે. એનાથી સૌનું હિત કરનાર બને છે. કરુણા બળ વડે પ્રાણીઓનો દુઃખોથી ઉદ્ધાર કરે છે. મુદિતા બળથી જીવલોકમાં મધ્યસ્થતા કરે છે. ભાવનાથી થતા સમાધિને સંયમ કહે છે. જો કે ફક્ત સમાધિને નહીં પણ ધારણા, ધ્યાન અને સમાધિને સંયમ કહે છે.

સુવિચાર

- ધર્મ કરતાં કરતાં ચડિયાતું છે... કારણ કે ધર્મ કરીને ભગવાન પાસે માંગવું પડે છે, જયારે કર્મ કરો તો ભગવાનને આપવું જ પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માની મમતા અને પિતાની ક્ષમતા જયારે દીકરો સમજી જાય ત્યારે સ્વર્ગને પણ ધરતી પર ઉતરવું પડે છે - **જીવનપાથેય**
- ઉત્કૃષ્ઠ જ્ઞાનની શોધ કરનારને અંતે તો શબ્દની સાથે મૌનની અને વિચારની સાથે નિર્વિચારની શોધ કરવાની હોય છે - **ઓશો**
- સાવ હું હારવાની અણી પર હતો, દાવ પર સ્મિત મૂક્યું ને જીતી ગયો - **મનોહર મોદી**
- જીભને સેનેટાઈઝ કરીને ક્વોરન્ટીન કરી દો, સંબંધોમાં ફેલાતો કોરોના વાઈરસ અટકી જશે - **ચિત્રલેખા**
- ઈશ્વરની ઈચ્છા વિરુદ્ધ ફાવી શકો નહીં, ઉઝરડો પાડી હસ્તરેખા લંબાવી શકો નહીં - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : મેથીની ભાજીનો રસ વીસ ગ્રામ અને કાળીદ્રાક્ષનો રસ વીસ ગ્રામ મિક્સ કરીને પીવાથી અતિસારમાં તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સમ્રાટ મિલિંદે ભિક્ષુ નાગસેનને દરબારમાં પધારવા મંત્રીને રુબરુ મોકલ્યા. નાગસેને કહ્યું, 'રાજાના પ્રેમને ખાતર હું આવીશ ખરો પણ સમ્રાટને એટલું કહેજો કે જગતમાં ભિક્ષુ નાગસેન જેવું કશું નથી. આ તો માત્ર એક ક્ષણભંગુર નામ છે.' મંત્રીએ રાજાને મળીને કહ્યું કે 'જગતમાં ભિક્ષુ નાગસેન જેવું કશું નથી, એ તો ફક્ત એક ક્ષણ ભંગુર નામ છે.' રાજાને પણ આશ્ચર્ય થયું. ભિક્ષુ નાગસેન પધાર્યા ત્યારે રાજાએ ખૂબ ભાવ સત્કાર કરી સ્વાગત કર્યું. ત્યારે પણ ભિક્ષુ નાગસેને કહ્યું, મહારાજ આપે કરેલ સ્વાગતનો હું સ્વીકાર કરું છું, પરંતુ ભિક્ષુ નાગસેન જેવું કશું છે જ નહીં. સમ્રાટ પૂછ્યું, - એક બાજુ આપ અમારું સ્વાગત સ્વીકારો છો અને બીજી તરફ કહો છો કે ભિક્ષુ નાગસેન જેવું કશું છે જ નહીં. આ વાતની જરા સમજણ આપો.

ભિક્ષુએ સમ્રાટના રથના અશ્વોને મુક્ત કરી દીધા પછી પૂછ્યું 'આ અશ્વો તે રથ છે?' રાજાએ કહ્યું, 'અશ્વ તો અશ્વ જ છે, તે રથ કઈ રીતે હોઈ શકે?' પછી નાગસેને રથનું પૈડું દૂર કરીને પૂછ્યું, 'રાજન, તમે આને રથ કહેશો ખરાં?' સમ્રાટ કહ્યું, 'એ તો માત્ર રથના ચક્રો છે એને રથ કઈ રીતે કહી શકાય?' આ રીતે ભિક્ષુ રથની એક એક વસ્તુ છૂટી પાડતા ગયા. અને છેવટે કશું જ બાકી રહ્યું નહીં ત્યારે ભિક્ષુએ પૂછ્યું, 'જેટલી વસ્તુઓ વિશે તમને મેં પૂછ્યં, એના ઉત્તરમાં તમે કહ્યું કે આ રથ નથી, તે પણ રથ નથી, હવે બતાવો કે આ રથ કયાં છે?'

સમ્રાટ પાસે ઉત્તર ન હતો. ત્યારે ભિક્ષુએ સમજાવતા કહ્યું, 'રથ એ અમુક ચીજ-વસ્તુનો સંગ્રહ છે. રથનું પોતાનું કોઈ અસ્તિત્વ નથી, એનું કશું સ્વ નથી, તમે અને હું પણ આવાજ છીએ, ખરેખર જોવા જાઓ તો આપણે શૂન્ય જ છીએ.' સમ્રાટને ભિક્ષુની વાત સમજાઈ ગઈ.

પીક તરફ આગળ વધતું સંક્રમણ

તંત્રીસ્થાનેથી...

કોરોનાની બીજી લહેર અત્ર તત્ર સર્વત્ર ફેલાઈ રહી છે. દિલ્હીના મુખ્યમંત્રીના અભિપ્રાય મુજબ રાજધાનીમાં તો અત્યારે ત્રીજી લહેર ચાલી રહી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ સરકારે લોકડાઉન મુદ્દે અવઢવ અનુભવી રહ્યા છે. બોલીવુડ હસ્તીઓએ એમને લોકડાઉન નહીં નાખવા વિનંતી કરી છે પરંતુ પુણેમાં કોરોનાનો સપાટો જોતાં મિની લોકડાઉન જાહેર કરવું ડ પડ્યું છે. મુંબઈમાં કોઈ પણ સમયે આશિંક લોકડાઉનથી લઈ સંપૂર્ણ લોકડાઉનની તૈયારી રાખવી પડે એમ છે. દેશમાં કુલ કેસો પૈકી અડધોઅડધ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. જોકે એનું એક કારણ એ પણ હોઈ શકે કે ઉદ્ધવ સરકારે ઈમાનદારી પૂર્વક આંકડા જાહેર કરતી રહે છે. મહારાષ્ટ્ર પછીના ક્રમે પંજાબ, અને એ પછી તમિલનાડુ, કર્ણાટક, છત્તીસગઢ, ગુજરાત વગેરે રાજયો છે. ગુજરાતમાં રસીકરણની ગતિ વધારી દેવાઈ છે. ખુદ ગૃહ રાજયમંત્રી કોરોનાગ્રસ્ત થયા છે. ચૂંટણી, વિધાનસભાની બેઠક, જાહેર સભાઓ અને મેળાવડાઓને ટાળી શકાતાં હોત તો કદાચ અત્યારે ગુજરાતમાં જે બિહામણી પરિસ્થિતિ સરજાઈ છે એનાથી બચી શકાયું હોત. અરવિંદ કેજરીવાલ કહે છે એમ ફેલાવો વધારે પ્રમાણમાં હોવા છતાં આ વખતનો વાઈરસ અગાઉ જેવો ઘાતક નથી. જો કે મૃત્યુ આંક સતત વધતો જાય છે અને સુરત જેવા શહેરમાં તો વેન્ટિલેટર તથા બેડ મેળવવા બાઈ બાઈ ચારણી કરવી પડે છે. જે સંખ્યામાં સ્મશાનો પીપીઈ કીટ સાથેના અગ્નિ સંસ્કારના આંકડા આપે છે અને ઘણા મૃતદેહો વેઈટિંગમાં હોવાની જાણકારી આપે છે, એની સરખામણીએ અધિકૃત આંકડા - પછી તે મરણાંક હોય કે પોઝિટિવ કેસ : બહુ જ ઓછા બતાવાય છે. સરકારે આ પોલિસી પ્રજામાં વધુ પડતો ભય ન ફેલાય જાય એવા આશય સાથે અપનાવી હોય તો પણએ નૈતિક દૃષ્ટિએ યોગ્ય નથી. ચૂંટણીઓ ટાળી શકાઈ હોત તો અત્યારની વિકટ પરિસ્થિતિથી બચી શકાયું હોત. શાસક પાર્ટી માટે જન સુખાકારી કરતાં સત્તા વધારે અગત્યની રહ્યા કરી છે, જેની પ્રતીતિ ખુદ કેન્દ્રીય ગૃહમંત્રી, ગુજરાતના મુખ્યમંત્રી તથા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષથી લઈ અનેક ધારાસભ્યો અને સાંસદો તથા કાર્યકર્તાઓ એક યા બીજા તબક્કે કોરોનાની ઝપેટમાં આવી ગયા તે બાબતથી થતી રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે શાસક પાર્ટીએ પ્રચારની સ્ટ્રેટેજી બદલી હોવાનું જાણવા મળે છે. માંડ શરૂ થયેલું આંશિક પ્રત્યક્ષ શિક્ષણકાર્ય ફરી ખોરંભાયું છે. પરિસ્થિતિ વિકટ છે, પરંતુ સરકાર કે વિજ્ઞાન પાસે રસીકરણ સિવાય એનો કોઈ કારગત ઉપાય નથી. રસીકરણ પછી પણ ચેપ તો લાગી શકે છે પરંતુ એ ઘાતક નથી નીવડતો એટલું આશ્વાસન છે. સિત્તેર ટકા જેટલી પ્રજાનું રસીકરણ થઈ જાય તો 'હર્ડ ઈમ્યુનિટી' વિકસી શકે એવાં લેખાજોખાં મંડાઈ રહ્યા છે. અમેરિકા કરતાં ભારતમાં કોરોના મુદ્દે વધુ 'પોઝીટીવ' કેસો આવી રહ્યા છે તે સૂચક છે. કોરોના ગાઈડલાઈનના પાલન મુદ્દે પ્રજાની નઘરોળ બેદરકારી અને સામાજિક પ્રસંગોએ થતી ભીડભાડ ઉપરાંત દેશમાં દરેક સ્થળે ઊભરાતું વસતિનું કીડીયારું આખરે કોરોના માટે સાનુકૂળ વાતાવરણ જ પૂરું પાડે છે. 'રામભરોસે' રહેતી પ્રજાને હવે રામ પણ બચાવી શકશે કે કેમ તે પ્રશ્ન છે. જો કે એપ્રિલના મધ્યમાં પીક આવી ગયા પછી સંક્રમણ ઘટવા લાગશે એવી તજજ્ઞોની આગાહી જરૂર આશ્વાસનરુપ બની રહી છે.

ફોજદારી કાર્યરીતી સુધારા વિધેયક, ૨૦૨૧

જાહેરનામા ભંગ કલમ : ૧૪૪ તથા કલમ : ૧૮૮માં સુધારા બિલ પાસ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ક્રિમીનલ પ્રોસિઝર કોડ (સી.આર.પી.સી.)ના કાયદામાં સુધારો કરતું બીલ ફોજદારી કાર્યરીતી સુધારા બીલ, ૨૦૨૧ ગુજરાત સરકારે પસાર કરી સી.આર.પી.સી. ની કલમ : ૧૮૮ મુજબના ગુનાની તપાસ તથા ચાર્જશીટના પાવર જીલ્લા મેજીસ્ટ્રેટને બદલે પોલીસને કરવા માટે સત્તા આપેલ છે.

જીલ્લા મેજીસ્ટ્રેટ કે પોલીસ કમિશ્નરશ્રી દ્વારા બહાર પાડવામાં આવતા સી.આર.પી.સી. કલમ : ૧૪૪ મુજબ તથા કલમ : ૧૮૮ મુજબના જાહેરનામાનાં ભંગ બદલ ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ : ૧૮૮ મુજબ ઉલ્લંઘન કરનાર સામે પગલા લેવા માટે એફ.આઈ.આર. દાખલ કરી ચાર્જશીટ દાખલ કરવાનું કાર્ય જાહેરનામું બહાર પાડનાર જીલ્લા મેજીસ્ટ્રેટ કે પોલીસ કમિશ્નરને કરવું પડતું જે કાર્ય હવેથી ચાર્જશીટ તપાસ તથા એફ.આઈ.આર. ની કામગીરી પોલીસને સોંપવા માટેનું વિધેયક પસાર કરવામાં આવ્યું છે. સી.આર.પી.સી. ની કલમ : ૧૪૪ નો બેફામ, બિનલોકશાહી ઢબે દૂરઉપયોગ કરવા માટે થતો હતો. હવેથી ફોજદારી અધિનિયમની કલમ : ૧૮૮ મુજબના ગુનાની તપાસ તથા ચાર્જશીટની કામગીરી પોલીસને સોંપવામાં આવતા રાજકીય હરીફોને ગુનેગાર ફરાવવાનું સરકાર માટે આસાન બની જશે. ગુજરાત સરકારમાં કલમ : ૧૪૪ મુજબના જાહેરનામાંનો અમલ ૩૬૫ દિવસ રહે છે. જેથી લોકો પોતાના અધિકારો માટે સરકારમાં જઈ શકતા નથી. ધરણા, રેલી, ઉપવાસ કે આંદોલનો કરનાર સામે આ કલમનો ઉપયોગ કરી અસંમતિ વ્યક્ત કરનાર સામે જાહેરનામા ભંગની ફરીયાદ દાખલ કરી ધરપકડ કરવામાં આવે છે. જેને કોર્ટ દ્વારા છોડવામાં આવે છે.

જાહેર સલામતી, શાંતિ, સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ કમિશ્નરના વિસ્તારમાં પોલીસ કમિશ્નર તથા અન્ય વિસ્તારમાં જીલ્લા કલેક્ટર દ્વારા સી.આર.પી.સી.ની કલમ : ૧૪૪ ના ભંગ બદલ એફ.આઈ.આર કરવામાં આવે છે તથા જાહેરનામાંના ભંગ બદલ ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ : ૧૮૮ મુજબ ગુનો નોંધવામાં આવે છે, પરંતુ સી.આર.પી.સી. ની કલમ : ૧૯૫ ની જોગવાઈ મુજબ જો જાહેરનામું પ્રસિધ્ધ કરનાર એટલે કે પોલીસ કમિશ્નર કે જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જ કોર્ટમાં ફરીયાદ અપાય તો જ કોર્ટ આ ગુનાનું કોગ્નિઝન્સ લે. માત્ર પોલીસ ફરીયાદનું કોગ્નિઝન્સ કોર્ટ લેતી નથી અને તેથી આવા ગુનામાં આરોપીને સજા કરવાનું ટેકનીકલ કારણોસર શક્ય બનતું નથી. તેમજ આવા કારણોસર જાહેરનામાંના ગુનાઓ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવતા હતા.

હવેથી જાહેરનામાં ભલે પોલીસ કમિશ્નર કે જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રસિધ્ધ થાય પરંતુ તેનો ભંગ થવાના ગુના અંગે પોલીસને એફ.આઈ.આર. નોંધવાની સત્તા આ નવા સુધારાથી આપવામાં આવી છે. તેથી તપાસના અંતે ચાર્જશીટ પણ પોલીસ અધિકારી દ્વારા જ મૂકવામાં આવશે. પોલીસને અપાર સત્તા આપવાના કારણે આ વિધેયકનો દૂરઉપયોગ થવાની શક્યતા છે. મંજૂરી વગરના સરકાર વિરોધી કાર્યક્રમો, ધરણા, આંદોલન કે ઉપવાસ, રેલી કરનાર સામે આ કલમનો દૂરઉપયોગ પોલીસ દ્વારા થવાની શક્યતા પ્રબળ છે. સરકારે વિરોધીઓને ડામી દેવા પોલીસને વિશેષ સત્તા આ વિધેયકથી આપેલ છે. આંદોલન કરવું એ વિપક્ષનો કે સામાન્ય માણસનો વિશેષ અધિકાર છે, પરંતુ તેનાથી પ્રજાની સુખ શાંતિ અને સલામતી જોખમાય નહી તથા જાહેર મિલકતો ને આગચંપી ના થાય, નુકશાન ના થાય તે માટે આ વિધેયક પસાર કરવાનું સરકારનું અનુમાન છે. સરકાર કોઈના અધિકાર ઉપર તરાપ મારતી નથી તથા લોકશાહીનો દૂરઉપયોગ થાય તે પણ ઈચ્છતી નથી. કલમ : ૧૪૪ ના જાહેરનામાં ના ભંગ બદલ કલમ : ૧૮૮ મુજબ કાર્યવાહી કરવા માટે જાહેરનામાં બહાર પાડનાર વ્યક્તિ સિવાયની વ્યક્તિ દ્વારા થતી એફ.આઈ.આર. કે ચાર્જશીટનું કોગ્નિઝન્સ કોર્ટ દ્વારા લેવાતું ના હોય આ સુધારો લાવી પોલીસને સત્તા અધિકાર આપતા હવેથી જાહેરનામાંના ભંગ બદલ વ્યક્તિ ટેકનીકલ કારણોસર સજામાંથી બચી શકશે નહી અને ખોટા આંદોલન કે વિરોધ કરનાર હવે ડરીને રહેશે.

પોલીસને આવી સત્તાથી હવેથી દૂરઉપયોગ થવાની પુરી શક્યતા છે. સત્તાધારી પક્ષ જેના નિયંત્રણ હેઠળ સમગ્ર પોલીસ તંત્ર કામગીરી કરે છે. તે કોઈપણ વ્યક્તિ કે સમૂહ સંગઠનને કાર્યક્રમથી સરકારને નુકશાન થયાનું જણાય તો જાહેરનામાં ભંગ થયો છે અથવા થવાનો છે તેવી ધારણા માત્રથી પોલીસ આવી વ્યક્તિ સમૂહ કે કાર્યક્રમ યોજનાર કે ભાગ લેનારની સામે જાહેરનામા ભંગ બદલ એફ.આઈ.આર. કરી ધરપકડ કરી શકશે.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
info@trivediassociates.in

ખુદ કો ભી કભી મહસૂસ કર લિયા કરો... કુછ રૌનકે, ખુદ સે ભી હુઆ કરતી હૈ..!

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

નાટક નાટક રમવાનું છે
ભ્રમણામાં બસ ભમવાનુંછે
ઈચ્છાઓના ધુમ્મસ માંહી
તરતા ડૂબતા જીવવાનું છે.

- રસિક દવે

વર્ષો પહેલાંની વાત છે રાજા -મહારાજાઓનો શાસનકાળ! એક મહારાજા રાજયના મહેલના બગીચામાં સંધ્યા સમયે હળવાશની પળો માણી રહ્યા હતા. એવામાં સન્ કરતો એક પથ્થર આવીને મહારાજાના કપાળ પર વાગ્યો! સિપાહીઓ દોડીને દિવાલની બહારથી જેણે પથ્થર માર્યો એ વ્યક્તિને પકડી લાવ્યા! મહારાજાને પથ્થર મારનાર આ અજાણ્યા વટેમાર્ગ પર સૌ કોઈ અત્યંત ક્રોધિત જણાતા હતા! પણ રાજા એ તો વિશાળ રાજયની સાથોસાથ વિશાળ હૃદય પણ ધરાવતા હતા. તેમના ચહેરા પર ક્રોધને બદલે આશ્ચર્યની રેખાઓ અંકાયેલી હતી. તેમણે ડરથી થરથર કાંપતા આ આગંતુકને આમ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે તેણે જવાબ આપ્યો કે રાજમહેલની દિવાલથી થોડે દૂર એક બોરડીનું વૃક્ષ હતું અને આ વટેમાર્ગ બોરડી પરથી બોર પાડવાના હેતુથી આ પથ્થર માર્યો જે એકસ્માતે મહારાજને વાગી ગયો! આખી વાત જાણ્યા બાદ મહારાજે આ આગંતુકને પચાસ સોનામહોરો આપીને મુક્ત કરવાનું ફરમાન જાહેર કર્યું. ઉપસ્થિત સર્વે આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા! રાજાએ આવું શા માટે કર્યુ હશે એ પ્રશ્ન દરેકના ચહેરા પર સ્પષ્ટપણે વાંચી શકાય તેમ હતું! આથી રાજાએ ખૂબ પ્રેમપૂર્વક સસ્મિત સૌ કોઈની શંકાનું સમાધાન કરતાં જણાવ્યું કે જો બોરડીને પથ્થર મારવાથી મીઠા બોર મળી શકે તો એક મહારાજને પથ્થર મારવાથી એનાથી કંઈક વિશેષ તો મળવું જોઈએ ને! કેટલી અદ્ભુત વાત! આજના યુગમાં આપણે પોઝીટીવ બાબતોમાં પણ નેગેટીવ પોઈન્ટ ઓફ વ્યુથી જોતાં થઈ ગયા છીએ! કોઈ આપણી નાની સરખી ફેવર-મદદ કરે તો ઉપરથી તેનો આભાર ચોક્કસ માનીએ પરંતુ અંદરથી સંશય કરીએ છીએ કે આ ફેવર કરવા પાછળ તેનો હેતુ શું હશે? જયારે અહીં નેગેટીવમાં પણ પોઝીટીવ જોવાની વાત છે. આ ઉપરાંત અન્ય એક બાબત એ પણ છે કે તમારી સાથે કોઈ ગમે તેવો વ્યવહાર કરે પરંતુ, તમારે તો તમારા મૂળભૂત સ્વભાવને જ અનુસરવું!

આ દુનિયામાં ઘણા પ્રકારના લોકો વસે છે. પરંતુ, મુખ્યત્વે બે પ્રકારના લોકોમાં આપણે તેને વિભાજીત કરી શકીએ! એક વર્ગ એવો છે કે જે પોતાને સોપવામાં આવેલું નાનામાં નામું કામ પણ ખંતપૂર્વક તેમજ નિષ્ઠાથી બજાવે છે. તેના માટે તેનું કામ એ ઈશ્વરની આરાધના જેટલું જ પવિત્ર છે અને તે એના માટે પૂરેપૂરો કટિબદ્ધ છે. આ ફરજ તેના પર લદાયેલી નથી પરંતુ, તેણે સ્વૈચ્છિક રીતે જ આ બાબત સ્વીકારેલી છે. જયારે અન્ય તરફ એક વર્ગ એવો છે કે જે કોઈ પણ બહાને પોતાના કામ કે ફરજમાંથી બચવાની કે ભાગવાની પલાયનવૃત્તિ ધરાવતો હોય છે. ખરેખર, બધા જ લોકો આ પ્રકારની વિચારસરણી ધરાવતા થઈ જાય તો એક જ દિવસમાં આ દેશના સર્વે કામકાજ સદંતર બંધ જ થઈ જાય! પરંતુ પેલો અન્ય વર્ગ પોતાના કામ પ્રત્યેની વફાદારીથી એ બેલેન્સને જાળવી રાખે છે. તત્ત્વચિંતક શ્રી ગુણવંત શાહ લખે છે : અત્યારે આપણે જે સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યા છીએ એ સમસ્યાનો ઉકેલ જટાયુ પામે છે. સીતાના અપહરણ વખતે જટાયુ જયારે પોતાનું બલિદાન આપવા તૈયાર થયો, ત્યારે ગીધોના સાજમાં જે વ્યવહારું લોકો હતા એમણે કહ્યું હશે, "જટાયુ, આ રામ ને રાવણની તકરારમાં તું કાં પડ્યો? એ બહુ બળવાન લોકો છે. એમાં તારો પત્તો નહીં લાગે. રાવણ કયાં અને તું કયાં? જરા વિચાર કર." તો જટાયુએ વડીલોને જવાબ આપ્યો: "મારા જીવતાં રાવણ સીતાનું અપહરણ કરી શકે નહીં." તેણે પોતાની જાતને હોડમાં મૂકીને જીવસટોસટનો આ ખેલ ખેલ્યો! એ હાર્યો કે જીત્યો એ વાત બાજુ પર મૂકીને વિચારીએ કે એણે પોતાનું કાર્ય પૂરેપૂરી નિષ્ઠાપૂર્વક બજાવ્યું એ નોંધનીય બાબત છે!

જેને કામ નથી કરવું તેના માટે નિંદા કે ટીકા કરવાનું ખૂબ આસાન છે! તેઓ માત્ર ચર્ચાઓ અને ચિંતન દ્વારા આપણે શું કરી શકીએ? એમ વિચાર્યા કરે છે. જો ગાંધીજીએ પણ આટલી મોટી બ્રિટીશ હુકૂમત સામે આપણે શું કરી શકીએ એમ કહ્યું હોત તો આપણે શું સ્વતંત્રતાનો આ સૂર્ય નિહાળી શક્યા હોત! ગાંધીજીએ પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે પૂર્ણપણે પ્રયાસો કર્યા અને પરિણામે જ અશક્ય લાગતી બાબત પણ શક્ય બની શકી. ગાંધીજીનો અહિંસાનો મંત્ર એ ઉપરોક્ત વાર્તાના મહારાજની ભાવનાની પૂર્તિ કરતો વિચાર છે! સામેવાળી વ્યક્તિ તમારી સાથે કઈ રીતે વર્તે છે તે જોવાનો આપણો વિષય જ નથી! આપણે તો આપણે કઈ રીતે વર્તવું અને કઈ રીતે પોતાના અસ્તિત્વની ખુમારીને જાળવી રાખવી એ જ જોવાનું છે. આજકાલ દરેક બાબતમાં ઈન્સ્ટન્ટ અને આર્ટિફિસિયલ વસ્તુઓ જ ચાલે છે. પણ ખરું પૂછો તો, ઓરીજીનલ જેટલો ચાર્મ કયારેય તેમાં અનુભવાતો નથી! કોઈ પણ સિદ્ધિ કે સફળતાને પ્રાપ્ત કરવા શોર્ટ કટ્સ હોઈ શકે જ નહિ! સખત પરિશ્રમ અને પોતાના સોએ સો ટકા કામને આપવાની ધગશ વિના એ કાર્ય પૂર્ણ કરી શકાય જ નહિ! ક્ષણિક બાબતોનો આનંદ પણ ક્ષણવાર પૂરતો જ ટકે છે જયારે પરિશ્રમ અને ધગશથી કરવામાં આવેલ કાર્યનો આનંદ અનેરો હોય છે. આજકાલ ફિઝીકલ ફિટનેસની બાબતમાં જાગૃતિ આવી છે અને યંગ જનરેશન પોતાના બાહ્ય દેખાવ માટે થોડા વધુ જાગૃત બન્યા છે. આ જ કારણોસર જીમ અને હેલ્થ કલબનો જાણે રાફડો ફાટ્યો હોય તેવું જોવા મળે છે. પરંતુ, "વર્લ્ડ યોગા ડે' નિમિત્તે યોગા કરતાં લોકોને જોઈને લાગે કે સાચે જ લોકો આપણા ઓરીજીનલ રૂટ્સ તરફ પાછા ફર્યા છે. પ્રાચીન ભારતમાં યોગના મહત્ત્વનો મહિમા ખૂબ જોવા મળ્યો છે. તો આજે ફરીને આલ્ફા મોર્ન લાગતા અને મોટા સેલીબ્રીટીઝ લોકોએ પણ યોગાને પોતાના રૂટિનમાં સ્થાન આપ્યું છે, તેના મહત્ત્વને સમજ્યું છે. નેચરલ અને ઓર્ગેનિક ફૂડ માટે પણ લોકો મોટા પ્રમાણમાં જાગૃત બન્યા છે. તો આ તમામ બાબતો સૂચવે છે કે આપણે ફરી આપણા રૂટ્સ તરફ આકર્ષાયા છીએ અને તેના મહત્ત્વને જાણતા તેમજ સમજતા થયા છીએ! તો આવો, આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે પોતાનું નાનામાં નાનું કામ પણ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક કરીશું તેમજ બને ત્યાં સુધી શોર્ટકટ્સ લેવાને બદલે યોગ્ય રીતે જ જીવનની આ સફરને સફળ બનાવીશું. કુદરતી રીતે જ જીવનને સુવ્યવસ્થિ બનાવીશું અને શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત બનાવવા પ્રયત્નશીલ રહીશું!

Last Seen :

"ખુદ કો ભી કભી મહસૂસ કર લિયા કરો......
કુછ રૌનકે, ખુદ સે ભી હુઆ કરતી હૈ...!"

- nehalgadhavi101@gmail.com

પુત્રના સ્વાસ્થ્ય માટે અડવાણા પગે દોડતી માતાઓ : જડત્વ યુગ જીર્ણના, તું ધધડાવી દે ઘાવ ત્યાં

નવી સવાર
રમેશ તન્ના

સવાર તો રોજ પડે છે, પણ નવી સવારની આપણને જરૂર છે. એક એવી સવારની જયારે શોષણ ઓછામાં ઓછું હોય, આવકની અસમાનતાની ખાઈ સાંકડી અને નાની હોય, ગરીબી ઓછી હોય, છેવાડાનો જણ પણ સુખી હોય, ભૂખમરો ના હોય, વિજ્ઞાન હોય તો સાથે સાથે જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ પણ હોય.

આપણે આપણી પરંપરાઓને સાચવીએ કારણ કે એના કારણે આપણે સચવાઈએ છીએ. આપણો ધર્મ, આપણો ભવ્ય વારસો, આપણી મહાન સંસ્કૃતિ આ બધાનું જતન અને સંવર્ધન કરવાની આપણી પહેલી ફરજ છે. આપણે આપણા કુળ અને મૂળને કદી ના ભૂલીએ. ભૌતિકવાદના પગલે આપણે આપણી ભાષા અને સંસ્કૃતિ સહિત અનેક પ્રકારના વારસાને ભૂલી રહ્યા છીએ એ દુઃખદ બાબત છે. આપણે પાછળથી પેટ ભરીને પસ્તાવાના છીએ તે પણ નક્કી વાત છે.

જેમ આપણે આપણી પરંપરાઓને સાચવીએ એ જ રીતે આપણી પરંપરાઓને સમજીએ તે પણ આવશ્યક છે. પ્રાચીન કે વર્ષો જૂની પરંપરા માત્ર પરંપરા હોવાના કારણે ગમે તેમ કરીને ચાલુ રાખવી એ યોગ્ય અને સ્વસ્થ અભિગમ નથી. જૂનું એટલું સોનું છે એ કહેવત સાચી છે, તો ચળકતું બધુ કંઈ સોનું નથી હોતું એ કહેવત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. જે પરંપરાઓ સમયની એરણ પર ટકી શકે તેમ ના હોય તેને છોડવી જોઈએ.

આપણા શાણા પૂર્વજોએ જે તે સમયે, તત્કાલીન જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પરંપરાઓ શરૂ કરી હોય તો એ પરંપરાને કોઈ પણ રીતે, માન ના માન, તું મેરા મહેમાન.. કહીને ધરાર ચાલુ ના રાખવી જોઈએ.

પરિવર્તન એ કોઈ પણ સમાજનો અફર નિયમ છે. સમાજ તો વહેતી નદી જેવો હોય છે. જેમ નદીમાં નિરંતર નવાં નીર આવે છે તેમ સમાજ પણ નિરંતર પોતાનાં રૂપ બદલે છે. નવો સમય અને નવી હવા. નવો વખત અને નવો મિજાજ. નવો કાળ અને નવી ઉર્જા. નવી સવાર અને નવો ઉજાસ.

આ વાત કરવાનું પ્રયોજન એ છે કે ઉત્તર ગુજરાતના ચાણસ્માની બાજુમાં આવેલા બ્રાહ્મણવાડા નામના ગામમાં ૭૦૦ વર્ષથી ચાલતી એક પરંપરા. આ પરંપરા એવી છે કે હોળી નિમિત્તે પારંપારિક રીતે ઝેમ પર્વની ઉજવણી કરાય છે.

બ્રાહ્મણવાડાના યુવા અગ્રણી નરેન્દ્રભાઈ ચૌધરી અને પૂર્વ સરપંચ ધીરુભાઈ ચૌધરી આ પરંપરાની માહિતી આપતાં કહે છે કે બ્રાહ્મણવાડા ગામે હુતાસણીના દિવસે જેના ઘરમાં પ્રથમ બાળક પુત્ર હોય તે ઘરે ઝેમ કરવામાં આવે છે. હોળીના દિવસે બપોરના સમયે મહિલાઓ અને પુરુષો ગામના ચોકમાં ભેગાં થાય છે. એ પછી ગામના ગોંદરે આવેલા ગોગા મહારાજના મંદિર પાસે જઈ જેના ઘરે પુત્રનો ઝેમ હોય તે પુત્રની માતાઓનું પૂજન કરવામાં આવે છે. એ પછી ગામના ગોર મહારાજ દ્વારા આ તમામ મહિલાઓના ખોબો ભરાવી બંને હાથ બાંધી દેવામાં આવે. દોડ પૂર્વે આ માતાઓને શ્રીફળ,સાંકળ અને ત્રિશૂળ અપાય છે. એ પછી ગામના ગોગા મહારાજના મંદિરથી માતાના મંદિર સુધી મહિલાઓની દોડ યોજાય છે. બંધાયેલા હાથે અને અડવાણા પગે માતાઓ દોડે. જે માતા દોડમાં સૌ પ્રથમ આવે તે માતાનો પુત્ર નિરોગી, સશક્ત અને બૌદ્ધિક ચાતુર્યથી ભરેલો બને તેવી લોકવાયકા છે. માતાઓ સાથે, તેમને સાથ આપવા તેમનાં સગાં-સ્વજનો પણ દોડે છે.

આ દોડ આશરે ૨.૫ કિલોમીટરની હોય છે. દોડમાં પ્રથમ આવવા માટે બહેનો ઝડપથી દોડે તો ઘણી માતાઓ પડી પણ જાય છે. આ વર્ષે ચૌધરી, ઠાકોર સહિત અન્ય સમાજની ૧૮ માતાઓએ તેમાં ભાગ લીધો હતો.

આપણા દેશમાં વ્રત જેવી પવિત્ર અને મહાન પરંપરા છે. બીજાનાં સુખ-સમૃદ્ધિ અને આનંદ માટે કોઈ વ્યક્તિ પોતે સહન કરે તે વ્રતની ભાવના-વિભાવનાની મહાનતા છે. બીજા કોઈ દેશમાં આવું જાણીને પણ નવાઈ લાગે. આમ તો માતા માત્ર આદરણીય જ હોય, પણ પોતાના સંતાન માટે સહન કરે, વ્રત કરે, ઉપવાસ કરે, જાગરણ કરે, ના ખાય અથવા તો અમુક જ ખાય.. આ બધી બાબતો ભારતની માતાને વધારે પૂજનીય બનાવે છે.

જોકે બ્રાહ્મણવાડા ગામની ૭૦૦ વર્ષ જૂની પરંપરા વિશે આજના સમયને અનુરુપ તટસ્થ રીતે વિચાર કરીને તેમાં પરિવર્તન લાવવાની આવશ્યકતા છે. સૌ પ્રથમ તો જેને પ્રથમ બાળક પુત્ર હોય તેવી જ માતાઓને દોડાવાય છે તે વાત મનમાં બેસતી નથી. હવેનો જમાનો તો દીકરા-દીકરી એક સમાનનો છે. દીકરીઓના જન્મ માટે, તેમને વિદ્યા આપવા માટે, તેમના ઉત્કર્ષ માટે સમાજ અને સરકાર અનેક રીતે અને પ્રીતે સતત સક્રિય હોય ત્યારે આ પરંપરા યોગ્ય લાગતી નથી. હા, પુત્ર કે પુત્રી કોઈ પણ હોય તો આ અનોખી સાધના કરી શકાય તો યોગ્ય કહેવાય. આ પરંપરા દીકરીઓના ગૌરવ-સન્માન અને તેમના મોભાને ઓછો કરે છે. બીજી વાત છે સ્પર્ધાની. જે માતા પ્રથમ આવે તે માતાના પુત્રને જ લાભ થાય એવી માન્યતા પણ યોગ્ય નથી. એનો અર્થ એવો કરવાનો કે બીજી માતાઓના પુત્ર નિરોગી નહીં રહે ? ખરેખર તો પરંપરામાં સ્પર્ધાનું તત્વ જ ના હોવું જોઈએ. માતાઓને દોડાવવાની વાત પણ થોડી જોખમી છે. માતાઓને દોડવાની ટેવ ના હોય ત્યારે બાંધેલા હાથે અને અડવાણા (ઉઘાડા) પગે દોડવાનું જોખમી છે. આ ઉંમરે દોડતાં પડી જવાય તો ઈજા પણ થાય.

ખરેખર તો બ્રાહ્મણવાડા ગામના તમામ વડીલોએ ભેગા થઈને આ પરંપરા વિશે વિચાર કરવાની આવશ્યકતા છે. પરંપરાનો સહેજે વિરોધ નથી. તેમાં પરિવર્તન કરવાની આવશ્યકતા છે. ખરેખર તો આજના સમયને અનુરુપ પરંપરાઓ કે સ્પર્ધાઓ કરવી જોઈએ. જેમ કે જેમને એક જ દીકરી હોય તેવી માતાઓનું સન્માન કરવું જોઈએ. પહેલી દીકરી હોય તે માતાઓને વિશેષ સન્માનિત કરવી જોઈએ. ગામની દીકરી અને દીકરાઓને વિસેષ પ્રોત્સાહન મળે તેવું કરવું જોઈએ. દોડ રાખો તો યુવાનોની રાખો જેથી તેમને રમત-ગમતનું મહત્ત્વ સમજાય.

છાંયડો :

ઘણુંક ઘણું ભાંગવું, ઘણ ઉઠાવ, મારી ભુજા !
ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા, ઓ ભુજા !
અનંત થર માનવી હૃદય – ચિત્ત – કાર્યે ચઢ્યા
જડત્વ યુગ જીર્ણના, તું ધધડાવી દે ઘાવ ત્યાં.

- સુન્દરમ્